રૂપાળી દાબડીમાં પૂરેલા સંગીતના નાનકડા સૂરની પેઠે જીવન બહુ સરળતાથી એકધારી રીતે વહ્યા કરતું હતું. રોજ સવારે ઊઠવું, થોડુંક તોફાન કરતાં કરતાં ચંદનબહેનને મદદ કરવી, અભય જાય ત્યાં લગી એની આસપાસ ભમ્યા કરવું અને જાય પછી એની રાહ જોયા કરવી; બધું બહુ સુખદ હતું. સાંજે અભય કંઈ ને કંઈ લઈ આવતો. ઉપરટપકે મીઠા છણકા કરવા છતાં ખરેખર તો સ્વાતિને એ બહુ ગમતું. સાંજના પાંચેક વાગ્યાથી એ નાના બાળક જેવી અધીરાઈથી રાહ જોયા કરતી, આજે અભય શું લાવશે?

અભય બહુ પૈસાદાર નહોતો, પણ એ વાતનો ખ્યાલ ત્રણમાંથી કોઈને નહોતો આવતો. સ્વાતિને અને અભયને તો નહીં જ, પરંતુ ચંદનબહેનને પણ નહીં. એકની એક વહુને માથે ચડાવી મૂકવાથી કેવાં દુષ્પરિણામ આવે છે તે એમને અભયનો વિવાહ થતાં પહેલાંથી જ સગાંસંબંધીઓએ નહોતું સમજાવ્યું એમ નહીં, પણ શેઠની શિખામણ ઝાંપા સુધી. સ્વાતિનું નાનકડું રમતિયાળ મોં જોયું ત્યારથી જ મનમાં કરેલા નિર્ણયો પીગળવા માંડ્યા હતા અને હવે તો ક્યાંય એમનું નામનિશાન સુધ્ધાં જડે એવો ઘાટ રહ્યો નહોતો. રહે પણ કેવી રીતે? સ્વાતિ હતી જ એવી. પોતે આ ઘરમાં વહુ બનીને આવી છે એ વાતને શોભે એવી ઠાવકાઈથી જીવતાં એને આવડતું જ નહોતું. પોતે બૂમો પાડ્યા જ કરે ને એ પોતાની પીઠ પાછળ ભરાઈને મલકાયા કરે એવું કેટલી બધી વાર બનતું! અંતે થાકીને પોતે કશુંક કામ કરવા જાય ત્યારે બાબરા ભૂતની પેઠે હાજર થઈ જઈને કહેશે, “લાવો બા, હું કરી આપું?” ક્યારેક વળી એકદમ નિર્દોષ ચહેરો કરીને પૂછવા માંડે, “હેં બા, મને બોલાવતાં હતાં?”

આવી છોકરી સાથે બીજું બધું થઈ શકે, પણ સગાંવહાલાંએ શીખવેલી આચારસંહિતાનો તો એકે મંત્ર આચરણમાં ન મૂકી શકાય, એની ચંદનબહેનને ખાતરી થઈ ચૂકી હતી. એટલે પછી એમણે એ બધી ચિંતા બાજુએ મૂકી દીધી હતી અને સંસાર એની મેળે બહુ સુખપૂર્વક ચાલ્યા કરતો હતો. એમાં વળી મ્યુઝિકલ બૉક્સના પેલા સૂરમાં હમણાંનો એક મૃદુ આરોહ-અવરોહ ઉમેરાયો હતો. સ્વાતિની તબિયત જરા નરમગરમ ચાલતી હતી અને ડૉક્ટરે ચંદનબહેનના અભિપ્રાયનું સમર્થન કર્યું હતું.

સામાન્ય રીતે બને છે તેમ લજાઈ જવાને બદલે કે ડૉક્ટરની વાત ખોટી જ છે એવા ધમપછાડા કરવાને બદલે ચંદનબહેનની સ્વાતિ એક અપાર વિસ્મયમાં ખોવાઈ ગઈ હતી. અંગે અંગે જાણે આનંદની કિરણાવલિઓ ફૂટશે! ચંદનબહેને તેને ત્રણ–ચાર વખત ઢંઢોળીને બોલાવી ત્યારે કહેવા લાગી, “બા! તમને સ્વેટર ગૂંથતાં આવડે છે?”

“હા, કેમ?”

“હું શીખીશ.”

વહુ કંઈક ડાહી થઈ એવો ઘરડો સંતોષ થાય ન થાય ત્યાં તો સ્વાતિએ આગળ ચલાવ્યું, “હું સ્વેટર ગૂંથી રાખીશ, નાનકાને જોઈશે ને?”

“લે, લાજ હવે...” એમ કહીને ચંદનબહેન ઠપકો આપવા જતાં હતાં, પણ શબ્દો એમના

એમ જ રહી ગયા. સ્વાતિ એટલી બધી ખુશ જણાતી હતી! ભગવાન એને હંમેશ આવી હસતીરમતી રાખે!

પણ ચિંતા તો ખરી જ. આ છોકરમત વહુ પોતાની તબિયત કેમ સાચવશે? ન કરે નારાયણ ને ક્યાંક વધારે પડતી માંદીસાજી થઈ તો? પોતાનું કહ્યું માનવાની તો એને ટેવ જ નથી. ખરું પૂછો તો પોતાને પણ શાસન કરતાં આવડતું નથી. એ તો સારું થયું કે એકનો એક હોવા છતાં અભય બગડી નથી ગયો; પૂર્વજોનાં પુણ્ય, બીજું શું? નહીંતર એકલી બાઈને હાથે તે છોકરો સીધો રહેતો હશે? અને તે પણ અભય જેવો તરવરિયો છોકરો! તોયે તે ભણ્યો. રીતસરની નોકરી કરે છે અને ચંદનબહેને શોધી આપેલી વહુ સાથે કેવા આનંદકિલ્લોલમાં દહાડા કાઢે છે! પણ પ્રત્યેક સુખની પ્રતિમા સાથે ચિંતાનો ઓળો જડાયેલો હોય જ છે, તેમ ચંદનબહેનના મનમાં પણ ક્યારેક આછો ફફડાટ થઈ આવે છે, આવા દિવસો પૂરા તો નહીં થઈ જાય ને?

સ્વાતિને તેમની આવી બધી ગડમથલની કશી ખબર નથી. એ તો આ નાનકડા નવા સંસારની મધુરતામાં સંપૂર્ણપણે ખોવાઈ ગઈ છે. પિયરનું કોઈ યાદ જ નથી આવતું જાણે! સવારના પહોરમાં આંખો ઊઘડે તે પહેલાંથી અભયની ઉષ્માદાયક હાજરીનો અનુભવ થાય છે. ઊઠવું ગમતું નથી. તોયે પાછું ગમે છે, જ્યારે યાદ આવે છે કે અભયને માટે ચા કરવાની છે, ચંદનબહેનને રસોઈની તૈયારી કરી આપવાની છે, નાનકડું ઘર કચરોપૂંજો વાળીને ઝગમગાટ કરવાનું છે. હસવું આવી ગયું. ચાર–છ મહિના પહેલાં કોઈએ કહ્યું હોત કે તે હાથમાં ઝાડુ લઈને કચરો વાળશે, તો તે માનત ખરી? ધારો કે માનત, તોયે એવા હલકા કામમાં તેને આટલા બધા સુખનો અનુભવ થશે એવું તો ઉપરથી નીચે આવીને ઈશ્વર પોતે કહેત તોયે તે ન માનત, પણ થયું હતું એવું જ. આટલા થોડા વખતમાં એ અભયના પ્રેમમાં એવી સાંગોપાંગ ખોવાઈ ગઈ છે! દિવસનાં બધાં કામકાજમાં, વાતવિચારમાં, પ્રચ્છન્ન રીતે અભય જ પરોવાયેલો હોય છે. સ્વાતિ ક્યારેય એકલી પડી શકતી નથી. તેના મનનું એકાંત તેના કૌમાર્ય સાથે જ પૂરું થઈ ગયું છે. નિશદિન વહેતી એક અખંડ રસધારમાં ભીંજાવું તેનું જીવન છો ને મામૂલી હોય! તે જૂઈના ફૂલ જેવું સુગંધથી પરિપૂર્ણ છે. હવે તેને બીજું કશું ન જોઈએ. ભિક્ષાનું રામપાત્ર હેઠે મૂકી દઈને ઈશ્વર સાથે મોઢામોઢ દિલની બે વાત કરી લેવા જેટલું સખ્ય સ્થપાઈ ચૂક્યું છે. તેથી જ તો ચંદનબહેન તેને પૂજા-આરતી કે નૈવેદ્યની તૈયારી કરવાનું કહે છે ત્યારે કશો વાંધો આવતો નથી. બાકી તેનાં પોતાનાં મમ્મી–શારદાબહેન વારતહેવારે મંદિરમાં દર્શન કરવા જવાનું કહે ત્યારે તે કેવું મોં મચકોડતી! પણ એ બધી બાળપણની, એટલે કે પરણ્યા પહેલાંની, એટલે કે છ મહિના પહેલાંની વાત થઈ. હવે તો તે મોટી થઈ ગઈ છે. થોડા વખત પછી આ ઘરમાં પોતાનાથી ખરેખર નાનું, એવું પણ કોઈક હશે. નાનું અને કમજોર – પોતાના અસ્તિત્વ માટે બીજા કોઈકનો જ આધાર શોધવો પડે એટલું બધું કમજોર, સ્વાતિ તેને સાચવશે; જરૂર સાચવશે.

સ્વાતિને ખબર નહોતી કે તેનું મોં જોયા પહેલાં જ તેને સાચવવાનું શરૂ કરી દેવું પડશે. છતાં તે ચંદનબહેનને નવાઈ લાગે એટલી બધી આજ્ઞાંકિતતાથી ખાવાપીવાનું જાળવે છે. ડૉક્ટરનું કહ્યું માનીને સવાર-સાંજ ફરવા જાય છે. દવાઓ લે છે. ક્યારેક અભયને ઠપકો પણ આપે છે. બહુ મોડી રાત લગી ફરવું સારું નહીં, ક્યાંક શરદી-બરદી લાગી જશે તો વળી બિચારો નાનકો હેરાન થશે.

"તને શરદી થાય તેમાં એ શું કરવા હેરાન થાય?" અભય જાણી જોઈને પૂછે છે.

"તમને કશી ખબર નથી!" કહી સ્વાતિ પોતે હમણાં હમણાં મેળવેલું આ ગંભીર વિષયનું બધું જ્ઞાન અભય આગળ ઠાલવી દેતી. અભય મલકાયા કરતો. કાં તો 'હોય નહીં' કહીને એને ચીડવતો, તો ક્યારેક વળી આ આગામી પ્રસંગના વિચારથી પોતે પણ ગંભીર બની જતો. બે જીવોના સુખદુઃખની સંપૂર્ણ જવાબદારી હવેથી તેને શિરે રહેવાની. જોકે બા ખરાં, તોયે એમની વાત જુદી.

જુદી જુદી વાતોની આવી ઝીણી ભેદરેખાનાં જાળાંમાં જ સંસાર પ્રૌઢત્વ પામે છે, એનું કંઈક આછેરું ભાન અભયના મન પર પથરાઈ જતું. પંખીના જેવો કલશોર મચાવતી સ્વાતિના પ્રત્યેક ઉમંગભર્યા ઉછાળા સાથે પોતે તાલ મેળવી શકતો નથી તે એ જાણે છે અને એ વાતની ખિન્નતા અનુભવે છે, પણ શું થાય? નોકરી કરવાની છે. ઘરમાં પૈસા લાવવાના છે. થોડોઘણો વ્યવહાર પણ સાચવવાનો છે. પૈસા આગળ ઉપર છોકરાંઓને કામ લાગે! સ્વાતિ આવું કશું સમજતી નથી, પરંતુ તેના ઉપર રોષ કરવાથીયે શું? તે કાંઈ સમજવાની નહીં. વળી પાછું થાય છે, જાણે નથી સમજતી તે જ સારું છે. છો નિશ્ચિંત ભાવે જીવ્યા કરતી. બુલબુલના ગીત વગર બાગ અધૂરો લાગે.

એ સાંજે તે દોઢ રૂપિયો આપીને સ્વાતિને માટે બટમોગરાનો ગજરો લઈને આવ્યો. ફૂલવાળાએ ખુશ થઈ જઈને કહ્યું હતું, "આ તો સિઝનનો પહેલો ગજરો છે, શેઠ! ભલભલા લખપતિ ભાવ પૂછીને ચાલ્યા ગયા, પણ તમારી વાત જ જુદી!" અભયને બહુ સારું લાગ્યું હતું. જોકે તે જાણતો હતો કે લખપતિ તો શું, લખપતિના મહેતાજી જેટલીયે પોતાની પહોંચ નહોતી, પણ ગજરો તો તેણે લીધો હતો. લખપતિપણું આટલું બધું દૂર ન હોત તો કદાચ તેનાથીયે ન લેવાત. સ્વાતિ એ જોઈને ખૂબ ખુશ થઈ હતી. પછી વળી પોતાનાં નાનકડાં રેશમી વાળનાં ઝૂમખાં સામે જોઈને નિરાશ થઈ ગઈ.

"કેમ, શું થયું?"

"મારા વાળ લાંબા, ઘાટા ને કાળા ભમ્મર હોત તો કેવું સારું થાત! ગજરો કેવો દીપી ઊઠત!" સ્વાતિએ આંખમાં પાણી લાવીને કહ્યું.

"ચક્રમ!" કહી અભય જમવા જતો રહ્યો. સ્વાતિ રોજની જેમ થાળીપાટલા ગોઠવવા ન ગઈ. ચંદનબહેને કેટલું મનાવી ત્યારે એનો ચહેરો પાછો હસી ઊઠ્યો. જલદી જલદી કામ પતાવી તૈયાર થઈ ગજરો બાંધવા હાથ લંબાવતી હતી, ત્યારે ચંદનબહેન બોલ્યાં,

"અભય, ટેબલના ખાનામાં તારો કાગળ છે."

"કોનો છે?"

"શી ખબર? અહીંનો નથી લાગતો."

"તો... તો... નીલિમાનો હશે." કહી અભયે કાગળ લીધો અને ઝટપટ ફોડીને વાંચવા માંડ્યો. થોડુંક વાંચીને હરખભર્યે સાદે બોલ્યો, "લો, આ સૅમ્પલ તો પાછું આવે છે!"

"એમ? ક્યારે?"

"બે-ચાર દિવસમાં. એનું પ્લેન બધે રોકાતું રોકાતું આવવાનું છે."

"પ્લેન ના રોકાય તોયે પોતે રોકાઈ પડે એવી છે તો!"

મા–દીકરો હસી પડ્યાં; સ્વાતિ એ હાસ્યના વર્તુળની બહાર રહી ગયાની ભોંઠપ અનુભવતી ગજરો સરખો બાંધવાની મથામણ કરી રહી. તેને પૂછવું હતું, "નીલિમા કોણ છે?" પણ આ ઘરમાં આવ્યા પછી પહેલી વાર જાણે શબ્દો હોઠે આવીને અટકી ગયા. ચંદનબહેનનું તરત ધ્યાન ગયું. એ બોલ્યાં,

"અરે સ્વાતિ! તું એને નથી ઓળખતી. એક વાર જોશે ત્યારે જ ખબર પડશે. હવે આવી જ સમજ ને."

"કોણ છે એ?" બટમોગરાની સુવાસ જેવા મંદ શબ્દો નીકળ્યા.

"આપણા અભયની દોસ્તાર. બહુ હસમુખી છોકરી છે. ભણવામાં પણ એવી હોશિયાર! અહીંયાં હતી ત્યારે હંમેશાં પહેલો નંબર લાવતી. નહીં, અભય?"

"હાસ્તો ને!"

"તમારા કરતાં પણ હોશિયાર?" સ્વાતિથી આ ન મનાયું.

ખડખડાટ હસીને અભયે કહ્યું, "તારા મનથી તો જાણે મારા કરતાં હોશિયાર આ દુનિયામાં બીજું કોઈ હશે જ નહીં, કેમ?" પણ દિલનો અશબ્દ ભાવ હતો, એવું જ માન, સ્વાતિ... એમ જ માનતી રહે... દુનિયામાં એકાદ જણને માટે તો અનન્ય, અજોડ બની રહેવું; સામાન્ય માણસોને માટે એટલું પૂરતું છે!

પછી આવી સુખની લાગણી પ્રગટાવનાર સ્વાતિનો હાથ પકડી લઈને તે બોલ્યો, "જોજે તો ખરી, એક વાર એને જોશે પછી મને ભૂલી જશે!"

ચંદનબહેનના દેખતાં હાથ પકડવાના ગુના માટે આંખો કાઢતી સ્વાતિ પોતાનો હાથ છોડાવી લઈને બોલી, "તો.. તો... મારે એને જોવી જ નથી."

"એવું તે કંઈ ચાલે? આપણે તો ઍરપૉર્ટ ઉપર એને લેવા જવું પડશે."

"શું કરવા?"

ચંદનબહેનથી ન રહેવાયું, "હાય હાય! નહીંતર તો એ આવતાંની સાથે જ રિસાઈ જશે, સ્વાતિ! તમારે લોકોએ એને લેવા તો જવું જ પડે."

"જવું જ શું કરવા પડે? હું તો નહીં જાઉં!"

"તને મૂકીને અભય કેવી રીતે જાય?"

"ઊંહું!"

"વારુ, તો કોઈકનો સંગાથ શોધીને હું જઈશ. આટલાં વરસે પાછી આવે છે, એને લેવા તો જવું પડે. પાછો એણે કાગળ પણ લખ્યો છે. ના કેમ કહે છે, સ્વાતિ? એવી સરસ છોકરી છે, જોજે તો ખરી!"

સ્વાતિએ મનમાં ગાંઠ વાળી લીધી. છો રહી સરસ. મારે એને નથી ગમાડવી. અભય કરતાંયે હોશિયાર એવી તે વળી કેવી છોકરી?

એનું ફુંગરાયેલું મોં જોઈ ચંદનબહેન હસી પડ્યાં. બોલ્યાં, “જવા દે અભય, આપણે શું? નીલિમા આવીને એની મેળે આને સીધી કરશે. નહીં આવતી હોં, નહીં આવતી. હું મારે જઈશ.”

“એકલાં શાનાં જાઓ? હું પણ આવીશ.” એમ હજુ તો સ્વાતિ બોલવા જતી હતી તેવામાં જ પાછાં એ વિચારમાં પડીને બોલ્યાં, “પણ પરદેશનો મામલો, આટલાં બધાં વરસ રહીને કદાચ એ બદલાઈ પણ ગઈ હોય, એવુંયે બને.”

“કાગળ પરથી તો નથી લાગતું.” અભયે કહ્યું.

“શું લખે છે?”

“ટૂંકું ને ટચ. વાંચ ને!” અભયે કાગળ ધરી દીધો.

સાચે જ બહુ ટૂંકો કાગળ હતો. લખ્યું હતું :

**અભય,**

આખરે ભણી રહી. આવું છું. ચૌદમીએ નીકળીશ. અમારું પ્લેન ફ્રૅન્કફર્ટ, પૅરિસ, દુબઈ બધે હૉલ્ટ કરતું કરતું ઇન્ડિયા આવવાનું એટલે ઍરપૉર્ટ પર તપાસ કરજે, ક્યારે પહોંચશે. ચાર્ટર્ડ ફ્લાઇટ નં. 128. લેવા આવીશ ને?

**નીલિમા**

“તમને તુંકારા કરે છે?”

“બહુ નાનપણની દોસ્ત છે. હુંયે એને ‘તું’ જ કહું છું.”

“એને લેવા હું તમારી જોડે આવીશ.” સ્વાતિએ કંઈક વધારે પડતા ભારથી કહ્યું. મા-દીકરો રાજી થઈ ગયાં. સ્વાતિને એ છોકરી અભયની દોસ્તાર છે, એ વાતથી એટલું ખરાબ નહોતું લાગ્યું, જેટલું ચંદનબહેનની એને માટેની લાગણીથી લાગ્યું હતું. તે એમ જ માની બેઠી હતી કે ચંદનબહેન તો આખાં ને આખાં એની એકલીનાં જ. આ વળી કોણ ભાગ પડાવવા ફૂટી નીકળ્યું?

“મારો ગજરો બરાબર નથી બંધાયો, મને વાળ ફરી ઓળી આપો ને!” એણે વગર કારણે અંબોડો છોડી નાખતાં કહ્યું.

“સરસ તો હતો. નકામું મોડું થશે.” અભય બોલ્યો.

પણ ચંદનબહેન સમજી ગયાં. લાડકી વહુને લઈને બીજા રૂમમાં જતાં રહ્યાં. તેના કોરા વાળ ખેંચાય નહીં એવી રીતે ઝીણી કાંસકીથી ધીરે ધીરે ઓળતાં વાત કરવા લાગ્યાં. અભયના એકલવાયા નાનપણની, એના મિત્રોની, આ નીલિમા નામની છોકરીની... તે કેવી પૈસાદાર હતી, છતાં કેવી હોશિયાર ને મળતાવડી... કેવી કામગરી!

“તમને બહુ ગમતી હતી?”

“તારા જેટલી નહીં.” સ્વાતિના અવાજમાં જણાતો અધીરાઈનો કંપ પારખી જઈને તે બોલ્યાં. પછી એને પાછળથી જ સહેજ પાસે ખેંચી લઈને કહ્યું, “બહુ સારી છોકરી છે. જોજે ને, તને

પણ ગમશે."

સ્વાતિ કંઈ બોલી નહીં. વાળ ઓળાઈ ગયા હતા. અંબોડો લઈને જાતે જ ગજરો બાંધતી તે બહાર નીકળી ગઈ. ફરીને પાછાં ઘરમાં આવ્યાં ત્યાં લગી બન્ને જણનું બોલવુંચાલવું બધું રોજની જેમ જ હતું. નીલિમાનો કાગળ જાણે આવ્યો જ નથી. છેક સૂતી વખતે સ્વાતિએ એક વાર પૂછ્યું,

"એ બહુ રૂપાળી છે?"

"કોણ?"

"પેલી તમારી નીલિમા."

"મારી શાની? બાની કહે. જોજે ને, એ આવશે પછી બેય જણ એટલી બધી વાતો કર્યા કરશે ને! આપણી તો સામે પણ નહીં જુએ. હા, પણ હવે તો કામકાજે લાગશે ને! બધું બહુ ભણી છે."

"તમારા કરતાંયે વધારે?"

"મારા કરતાં તો ક્યાંયે વધારે. પણ તું શું પૂછતી હતી? રૂપાળી છે કે નહીં, એમ ને? લે, એવો તો ખ્યાલ જ નથી આવ્યો. નાનપણથી જોઈ છે ને! પણ હા, મને લાગે છે કે રૂપાળી કહેવાય ખરી."

અભયના આ ઢીલાપોચા વિધાનને નીલિમા જરાય લાયક નહોતી. ઍરપૉર્ટ પર તેને પહેલી વાર જોઈ ત્યારે સ્વાતિની આંખો જ અંજાઈ ગઈ. અત્યંત ગોરો, પડછંદ દેહ, બીજા કોઈકનો હોત તો નિરાંતે એમ કહેવાત કે સ્ત્રીને ન શોભે એવો લાંબો, પહોળો... પણ નીલિમાનો ચહેરો ખૂબ ઘાટીલો છે. એની નાજુકાઈને લીધે જ એના શરીરનું પ્રમાણ આંખોને કઠતું નથી. બધું હલનચલન પણ ઘણું જોરદાર. તોયે લાવણ્યરહિત નથી. એના કંઠમાં એક જાતની સહેજ તરડાતી ઘેરાશ છે. બીજા બધાના અવાજ કરતાં જુદો જ, કદી ભૂલી ન શકાય એવો, જાણે કે ખારો અવાજ! પોતાનો સામાન ખૂબ સહેલાઈથી ઊંચકી લઈને તે બહાર નીકળી આવી. કશું ખાસ લાવી નહોતી. કસ્ટમમાં બહુ વાર ન લાગી. અત્યંત સ્વાભાવિકતાથી અભય સામે જોઈને બોલી,

"કેમ અભય! આવ્યો ખરો!"

"શું કરું? નહીંતર બાએ આવવાની ધમકી આપી હતી."

"એમને જ આવવા દીધાં હોત તો કેવી મઝા આવત! અને આ સ્વાતિ ને?"

સ્વાતિ હાથ જોડે તે પહેલાં એનો હાથ પોતાના મોટા પંજામાં ખેંચી લઈને ખૂબ જોરથી દબાવતાં નીલિમા બોલી, "કોઈને માટે કશું નથી લાવી પણ તારે માટે બહુ સરસ હૅન્ડબૅગ લાવી છું હં કે! આ ચક્રમે કંકોત્રી મોકલી હતી. બે-ચાર પર્ફ્યુમ પણ છે. તને જે ગમે તે લેજે."

તો આ નીલિમા હતી. નક્કી આ તો અભયને તુંકારા જ કરે અને બાના રસોડામાં, દિલમાં, જ્યાં ફાવે ત્યાં પેસી જાય. એને કોણ રોકી શકે? જરા વિવેક કરવા સ્વાતિ બોલી,

"રસ્તામાં કશી તકલીફ પડી હતી?"

"કોને, મને?" નીલિમા હસી પડી. "બીજા બધાને પડી હશે, ખાસ કરીને હૉસ્ટેસને. બૈરાંઓના ફેરા ખાવા ગમતા જ નથી એ લોકોને! પણ તું ઊભી રહે, જરા જોઈ લેવા દે. બહાર બહુ અંધારું છે."

ઍરપૉર્ટની બહાર નીકળતાં પહેલાં નીલિમા એકીટશે સ્વાતિ સામે જોઈ રહી. એની નજરમાં કશુંક એવું પ્રસન્ન તત્ત્વ હતું કે સ્વાતિ લગીરે મૂંઝાઈ નહીં.

"જોઈ લીધી?" એણે હસીને પૂછ્યું.

"હા! કૉન્ગ્રૅચ્યુલેશન્સ, અભય." નીલિમાએ નજર વાળી લીધી.

ત્રણે જણ ટૅક્સીમાં બેઠાં ત્યાં લગી અભયને ખાસ વાત કરવાનો વારો આવ્યો જ નહોતો. પછી એણે અહીંના બધા સમાચાર એક પછી એક આપવા માંડ્યા. નીલિમા સાંભળતી જતી હતી; બોલતી જતી હતી. વચ્ચે વચ્ચે એકાદ હેતભરી નજર કે સ્પર્શથી સ્વાતિને પોતાની નિકટ ખેંચતી જતી હતી. ઘર છેક પાસે આવ્યું ત્યારે જ સ્વાતિને ફાળ પડી કે રખે ને બા નીલિમાને કહી દે કે પોતે તો પહેલાં કશો ઉત્સાહ નહોતો દાખવ્યો! તો તો કેવી શરમ આવે!

કશી વાત થઈ નહોતી, કશું જાણવા મળ્યું નહોતું, છતાં જાણે સ્વાતિના દિલને હાશ થઈ ગઈ હતી. આ નીલિમા અભયની ભલે ગમે તેવી દોસ્ત હોય, એનાથી પોતે જરાય બીવાનું નહોતું. એના નિખાલસ સ્નેહની અમીધારા ભલે ઘરનાં બધાં માણસોને ભીંજવે પણ બા... વધારે તો મારાં જ! એને વિચાર આવ્યો અને એ વાતના ચાલુ વહેણમાં અસંબદ્ધ રીતે બોલી ઊઠી, "બા પાસે મને બહુ જ ગમે છે. એમના જેટલી વાતો તો મેં મારી મમ્મી જોડે પણ નહીં કરી હોય."

વાત અટકાવી દઈને નીલિમા સરળતાથી બોલી, "બા છે જ એવાં, નહીં? મને પણ એમની સાથે બહુ જ ફાવતું હતું."

"તમારી એટલી રાહ જુએ છે!" બધો વિરોધ ભૂલી જઈને સ્વાતિએ કહ્યું.

"ખાંડવી બનાવી છે કે નહીં?"

"બનાવી છે ને!" સ્વાતિ ઉત્સાહથી બોલી.

"આટલું બધું ફરી આવી તોય હજી ખાંડવી ભૂલી નથી?"

"વેસ્ટર્ન કૂકિંગ ઇઝ ઑલરાઇટ, ઇન ઇટ્સ વે – પણ ખાંડવી તે ખાંડવી! અને આપણા જેવાં ભજિયાં ને પૂરણપોળી પણ કોઈને ના આવડે, હં કે!"

"ખલાસ, ખાવાની વાત શરૂ થઈ ગઈ!"

"આવું શું કરે છે, અભય! છ મહિનાથી ડાયેટિંગ પર છું. પાતળી નથી થઈ?"

"જરાયે નહીં." અભય નિર્દયતાથી બોલ્યો.

"તું શું કહે છે, સ્વાતિ?"

"તમે... તમે તો બહુ સરસ દેખાઓ છો, પણ મેં તમને પહેલાં ક્યાં જોયાં હતાં? એટલે જાડાંપાતળાંની તો શી ખબર પડે?" અભયને ટેકો આપવાની પોતાની માની લીધેલી ફરજ છોડ્યા સિવાય આ નવી સ્ત્રીને જેટલું સારું લગાડી શકાય તેટલું લગાડતાં સ્વાતિ બોલી.

"થ્રી ચિયર્સ! સારી દેખાઉં છું ને! હવે અરવિંદની વાત છે."

"બિચારો અરવિંદ! હમણાં તો આફ્રિકા ગયો છે, તું જાણે છે ને?"

"ના ભાઈ. કાગળ-પત્ર લખવાનું આપણને ફાવતું નથી. તને નથી ખબર?"

"લે, અરવિંદને પણ નથી લખતી?"

"ના."

"એવું કેવું?"

"એવું જ."

નીલિમા શાંત થઈ ગઈ. સ્વાતિને લાગ્યું કે આ શબ્દોએ કહી તેના કરતાં વાત વધારે લાંબી છે, પણ ચુપચાપ બેસી રહેવાનું જ તેને યોગ્ય લાગ્યું.

ઘરે પહોંચતાંની સાથે ચંદનબહેને ઓછાં ઓછાં થઈ જઈને રાજામહારાજાને શોભે એવો આવકાર આપ્યો, પણ સ્વાતિને હવે તેની કશી દરકાર નહોતી. ખાંડવી પર તાજો વઘાર રેડવા તે રસોડામાં જતી રહી. મનમાં એક નિરાંત હતી અને એ નિરાંતની એક ઉદારતા હતી. નીલિમાને લાડ કરવાની બાબતમાં તે ઘરના કોઈ માણસ કરતાં પાછી પડવા માગતી નહોતી.

રસોડામાં જ એક ગોખલામાં સાંજને વખતે દીવો કરી રાખવામાં આવતો. પાછળ કોઈ વડીલે જાત્રામાંથી આણેલી બદરિકેદારની છાપવાળી ધાતુની તકતી પડી રહેતી, પણ તેનો ચહેરોમહોરો કશું કળાય તેવું નહોતું. તન્મયતાથી વઘાર કરીને થાળીમાં ગોઠવેલા ખાંડવીના વીંટા પર રેડતાં રેડતાં સ્વાતિની નજર ઓચિંતી દીવા તરફ ગઈ.

નાની પિત્તળની દીવીમાં કરેલો સાદી એક જ દિવેટનો દીવો, પણ તેની જ્યોત નિષ્કંપ છે, કોઈ અજ્ઞાત દેવાલયની સોનેરી ટોચ જેવી સ્થિર અને પવિત્ર. એની સામું જોતાં જોતાં સ્વાતિને થયું કે આસપાસનું બધું વિશ્વ વિલીન થઈ જાય છે. પોતે ક્યાં ઊભી છે, આજુબાજુ શું છે... કશું સમજાતું નથી. ...અવિચલ, ઊર્ધ્વગામી એના પ્રકાશમાં હવે એ પોતે પણ ખોવાઈ જશે. એ કોણ છે તેનો પત્તો સુધ્ધાં નહીં લાગે.

ભયથી તે કંપી ઊઠી.

"અરે! અરે! સ્વાતિ, તને શું થાય છે?" કોઈ ઘરડી બાઈ બોલી. તેની સામે તે બેબાકળે ચહેરે જોઈ રહી. પેલીએ કહ્યું, "આમ કેમ કરે છે, બોલ ને? અભય! અભય! અંદર આવ. જો ને આ સ્વાતિને શું થાય છે?"

સ્વાતિ! એ તો એનું નામ હતું. પોતે સ્વાતિ છે. હાશ! અને સામે ઊભાં છે તે ચંદનબહેન છે, પોતાનાં સાસુ!

જોરપૂર્વક સ્વાતિ એમને વળગી પડી.

"શું થાય છે તને? શું થયું હતું?"

"કશું નહીં, એ તો જરા ચક્કર આવી ગયાં."

"નકામી તું આવી ટાઢમાં આટલે લાંબે ટૅક્સીમાં ગઈ. એના કરતાં મને જ જવા દીધી હોત તો?" ચંદનબહેન હજુ આમ ને આમ બોલ્યાં કરત, પણ નીલિમાએ અંદર આવીને સ્વાતિને

એમની બાથમાંથી છોડાવીને બહાર આણીને સુવાડી. અભય ડૉક્ટરને બોલાવવા જતો હતો તેને અટકાવીને કહ્યું,

"એને થોડી વાર આરામ કરવા દે. કેમ, સારું લાગે છે ને?"

"હા, તમે અહીં જ બેસજો," કહી સ્વાતિએ આંખો મીંચી દીધી. નીલિમાએ તેનો હાથ પકડી રાખ્યો હતો. થોડી વારે એના હાથની ભીનાશ ને કંપ ઓછાં થયાં પછી તે હસીને બોલી, "હવે ઊઠવા દે, તારે માટે ચા કરી લાવું."

"ના, બા કરી આપશે. તમે મારી પાસે જ બેસો. મને બહુ સારું લાગે છે."

●

"બા!"

"કેમ છે સ્વાતિ? હવે કેમ લાગે છે, બેટા?"

"બહુ સારું લાગે છે, પણ કાલે સાંજે મને શું થઈ ગયું હતું? હજી કંઈ યાદ આવતું નથી."

"યાદ કરીને શું કામ છે સ્વાતિ? હમણાં તો સારું લાગે છે ને? સાંજે ડૉક્ટર પાસે જઈ આવીશું. તું કહેતી હોય તો હમણાં જ જઈએ ને તને અશક્તિ લાગતી હોય તો ડૉક્ટરને અહીં બોલાવી લઈએ."

"ના, સાંજે જઈશું. પણ બા..." સ્વાતિની ચારે બાજુ ફરતી આંખોનો પ્રશ્ન સમજી જઈને ચંદનબહેન બોલ્યાં,

"અભય તો ઑફિસે ગયો, કામ છે? બોલાવડાવવો છે?"

"અત્યારથી ગયા?"

"પણ અગિયાર વાગવા આવ્યા, સ્વાતિ!"

"શું કહો છો? હું આટલું બધું ઊંઘી?"

આ જાણ્યા પછી તો તડાક દઈને બેઠા થઈ જવું જોઈતું હતું, પણ સ્વાતિ થોડી વાર લગી વિચાર કરતી પડી જ રહી. અગિયાર વાગ્યા... એ કેટલા બધા કલાક ઊંઘી! એને શું થઈ ગયું હતું એ? "એવું કોઈક વખત થઈ જાય, બહુ વિચાર ના કર્યા કરીએ. લે, ઊઠવું છે હવે કે અહીં જ પાણીનો લોટો આપું? બેચાર કોગળા કરીને ચા-દૂધ પી લે."

આવી સાસુ કોઈની હશે ખરી? અને આ પાછી મોંએથી બોલવાની વાત નહોતી. સ્વાતિ જો મન બતાવે તો એ જરૂર અહીં ખડે પગે ઊભાં રહીને એની ચાકરી કરે. પોતે કેટલી બધી નસીબદાર હતી! આસ્તેથી ઊઠીને એ બાથરૂમમાં ગઈ. ચક્કર નહોતાં આવતાં. માત્ર ભૂખ લાગી હતી. ઘણા બધા વખતથી જાણે ખાધું નથી. ચંદનબહેન બહારથી બૂમો પાડતાં રહ્યાં ને સ્વાતિએ બે લોટા પાણી રેડીને નાહી પણ લીધું.

"ખરી છોકરી છે તું! જરાયે સાંભળતી નથી." કહેતાં કહેતાં તે ટ્રેમાં ચા–દૂધની કીટલી, કપ–રકાબી બધું લઈને આવ્યાં ને ટિપોઈ પર મૂકીને ખુરશીમાં બેઠાં. સ્વાતિ ચાંદલો કરતી હતી. એના અરીસામાં પડતા પ્રતિબિંબ સામે જોઈને બોલ્યાં, "સાચું કહેજે, મારા સમ! હવે તો તને કશું થતું નથી ને?"

"ના બા, તદ્દન સારું છે." કહીને સ્વાતિ પલંગ પર આવીને બેઠી અને ટ્રે સામે જોઈ મોં મચકોડીને બોલી,

"કંઈ નાસ્તો નહીં? આમ ને આમ તો હું ભૂખે મરી જઈશ."

"મરે તારા દુશ્મન, પણ તું ગમે તેટલું તોફાન કરીશ, તોયે હમણાં હું તને એવું આચરકૂચર ખાવા નથી દેવાની. એક વાર ચા–દૂધ પી લે, પછી થોડી વાર સૂઈ જા, પછી ઊની ઊની રસોઈ જમી લેજે અને કહેતી હોય તો સીધી થાળી જ પીરસી લાવું, બોલ."

"ના, પહેલાં ચા પી લઉં!"

થોડી વાર પછી તેને યાદ આવ્યું. ચાનો કપ અધ્ધર પકડીને તેણે પૂછ્યું, "પછી નીલિમાનું શું થયું? એને ખાંડવી ખવડાવી કે નહીં?"

"તું એને ક્યા છોડતી જ હતી? કેટલી બધી વાર લગી એ બિચારી ભૂખીતરસી તારી પાસે જ બેસી રહી. પછી તું ઊંઘી ગઈ ત્યારે પરાણે થોડુંક ખવડાવ્યું."

"ક્યાં છે એ?"

"એ પણ અત્યારમાં જ ગઈ. એનું ઘર સાફસૂફ કરાવશે, નોકર–ચાકરની વ્યવસ્થા કરશે, ત્યારે રહેવાશે ને?"

"કેમ, બીજું કોઈ નથી?"

"ના. મા, બાપ, ભાઈભાંડુ કોઈ નથી. એક કાકો અને એક ફોઈ છે, પણ જાણ્યામાં અહીં નથી રહેતાં."

"હાય હાય! તદ્દન એકલું રહેવાનું?"

"એને કશું એકલું લાગે તેવું નથી, પણ હવે તું બહુ વાતો ના કર્યા કર. ચાલ સૂઈ જા જોઉં."

સૂવાની જરાયે જરૂર નહોતી છતાં સ્વાતિ સૂઈ ગઈ. નકામી શું કરવા ચંદનબહેનને ચિંતા કરાવવી? પણ થોડી વાર પછી તો એને બહુ જ કંટાળો આવ્યો. રેડિયો વગાડવા અને એકાદ વાર્તાની ચોપડી શોધવા એ ઊઠી અને ધીમેથી ઓરડામાં ફરવા લાગી. પણ એટલી બધી સાવધાની ન રાખી હોત તોયે ચાલત. ચંદનબહેન બીજા રૂમની બારીએ ઊભાં ઊભાં કોઈ ઊંડા વિચારમાં ખોવાઈ ગયાં હતાં. પાછળથી જઈને એમની આંખો દાબી દેવાનું એવું મન થઈ આવ્યું કે સ્વાતિથી રહેવાયું નહીં. આસ્તેથી પાસે જઈને એણે આંખો પર મૂકવા હાથ લંબાવ્યા અને પછી આઘાત પામીને પોતાની હથેળી સામે જોતી પૂછવા લાગી,

"આ શું? બા! કેમ રડો છો?"

"કંઈ નહીં, એ તો અમસ્તું."

"વાહ રે વાહ! એમ અમથું તે કોઈ રડતું હશે? શું થયું છે? કહો ને!"

ચંદનબહેને પાલવના છેડાથી આંખો લૂછીને કહ્યું, "કંઈ નહીં. તું સૂઈ જા."

"નથી સૂવાની."

"મને પજવ નહીં, સ્વાતિ! સૂઈ જા."

"તો પછી કહો, શું થયું છે?"

"કહ્યું ને એક વખત, કશું નથી થયું."

"વારુ."

રિસાઈને સ્વાતિ પલંગ પર સૂઈ ગઈ.

રેડિયોનું સ્ટેશન બરાબર ગોઠવાયું નહોતું એટલે એનો ઘણો કર્કશ અવાજ આવતો હતો. થોડી વાર પછી ચંદનબહેન અંદર આવ્યાં અને રેડિયો સરખો ગોઠવીને પૂછવા લાગ્યાં, "લે હવે જમી લઈશ ને? પીરસી લાવું?"

"ના. તમારે કશું કહેવું નથી તો મારે કશું ખાવુંયે નથી." સ્વાતિએ સામું જોયા વગર જવાબ આપ્યો.

"ચાલ ને બાપુ, આમ શું કરવા પજવે છે?"

"તો કહો, કેમ રડતાં હતાં?"

"પછી કહીશ, ચાલ જમી લે."

ચંદનબહેનનો અવાજ એટલો થાકેલો હતો કે સ્વાતિએ વધારે જીદ ન કરી. વળી તેને ભૂખ પણ લાગી જ હતી. સીધી સીધી રસોડામાં જઈને પાટલા પર બેઠી.

"પાણીનો પ્યાલો તો ભરતી બેસ."

"વળી પાછાં તમે ને તમે ચિડાઓ છો, કેમ કામ કર્યું? નહીંતર હું તો હાથે રાંધીને ખાઉં એવી છું."

"તારે હાથે રાંધેલું એટલું ભાવે કે?" બન્ને જણથી હસી પડાયું. ગરમ ગરમ રસોઈ પીરસવા અને જમવાના સરળ તથા આનંદદાયક કામકાજમાં ઘડી વાર પહેલાંની ગ્લાનિ ડૂબી ગઈ, પણ ભાત લેતી વખતે સ્વાતિએ પાછું પૂછ્યું, "જુઓ, મેં જમી લીધું ને? હવે તો કહો, શું થયું હતું?"

"સાચું કહું, તું જઈશ પછી મને એવું સૂનું સૂનું લાગશે!" કહેતાં કહેતાંમાં તો ચંદનબહેનની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં.

"ઓત્તારી! મારે વળી ક્યાં જવાનું છે?"

"કેમ, તારે પિયર, બીજે ક્યાં? વેવાણનો કાગળ આવી ગયો છે. હવે આજકાલમાં મારે મુહૂર્ત જોવડાવવું પડશે ને! પછી પાછી ખોળો ભરવા બોલાવીશ. ત્યારે દસે દહાડા રહેવાય એવું આવજે, હં કે સ્વાતિ!"

"પછી પાછી જતી રહેજે, એમ ને? તમારી તો બધી વાતો જ વિચિત્ર છે." ભાતદાળ રહેવા દઈને સ્વાતિ ઊભી થઈ ગઈ.

"લે, આખી દુનિયાનો ધારો છે. એમાં આપણું શું ચાલે? પહેલી સુવાવડ તો પિયરે જ કરવી પડે ને?"

ઓહ! આ વિચાર તો કદી આવ્યો જ નહોતો. દિવસોના દિવસો – કેટલા બધા મહિનાઓ – અભયથી દૂર રહીને કાઢવા પડશે! ના, ના, એ કેમ બને? સવારના પહોરમાં ઊંઘ ઊડે ત્યારે અભયનું મોં જોવા ન મળે તે કેમ ચાલે? એને માટે રાંધવાનું નહીં. એની જોડે વાતો કરવાની નહીં. એની જોડે ફરવાનું નહીં. રિસાવાનું નહીં, બસ, લાંબી બપોરની અધવચ્ચે 'પોસ્ટમૅન!' એવા શુષ્ક સાદની રાહ જોતાં બેસી રહેવાનું. એ તે કેવી જિંદગી! વળી પાછો એ તો રોજ કાગળ નાયે લખે. ટૂંકા ટૂંકા પણ લખે... ને ગમે તેવા સરસ લખે તો પણ શું? કાગળ તે કાગળ. એથી કાંઈ મળવાની ભૂખ ભાંગે?

સ્વાતિ ખૂબ અસ્વસ્થ થઈ ગઈ. આ નાનકો આવી બધી તકલીફ ઊભી કરશે, એનો કેમ આજ લગી વિચાર જ ના આવ્યો? ના, પણ તારી એ બધી ગરબડ ચાલશે નહીં, નાનકા, તારે લીધે કંઈ હું અત્યારથી મમ્મી પાસે નહીં જાઉં. તું તારે જે ફાવે તે કર. નહીં જન્મેલા બાળક જોડે રિસાઈને તેણે મોં મોટું કર્યું અને ઓરડામાં અધીરાઈથી બે-ચાર આંટા મારી ચંદનબહેન પાસે જઈને કહ્યું, "અમથાં મને બનાવો છો શું કરવા? બા! ખરું જોતાં તો તમને જ મારો કંટાળો આવ્યો છે. ગમે તેમ કરીને મને અહીંથી ધકેલી દેવા માગો છો. એમ જ સીધું કહી દો ને!"

"એ વળી શું સ્વાતિ!"

"બીજું શું ત્યારે? મને પરાણે અહીંથી કાઢી ન મૂકો તો ના ચાલે?"

"હું તને કાઢી મૂકતી હોઈશ? કેવું ગાંડું ગાંડું બોલે છે?"

"તો પછી મમ્મીને લખી દો ને કે સ્વાતિને હમણાં મોકલાય તેમ નથી."

"વાહ! અને કારણ શું બતાવું?"

"જે ફાવે તે! તમે તો આટલાં મોટાં છો. તમને ન આવડે એવું તે કાંઈ બને?" કહી સ્વાતિ ચણાનો લોટ કાઢવા લાગી.

"આ શું કરે છે?"

"સેવ બનાવું છું. સાંજના નાસ્તા માટે જોઈશે ને!"

"અરે! જે જોઈશે તે હું બનાવી લઈશ. તું સૂઈ જા."

"સૂઈ જા, સૂઈ જા, કરો છો તે મમ્મીને ત્યાં મને કેટલું આકરું પડશે જાણો છો? ત્યાં તો મારે સવારથી સાંજ લગી કામ કરવાનું હોય, દસ મિનિટ પણ બેસવાની વાત નહીં. તે અત્યારથી ટેવ પાડીશ ત્યારે ને?"

"સાચું કહે છે?"

સ્વાતિએ ઝપાટાબંધ લોટ ચાળવા માંડ્યો. જાણે તેને બોલવાનીયે ફુરસદ નથી. મસાલો નાખીને લોટ બાંધતાં આસ્તેથી બબડવા માંડ્યું, "મારે શું? મોકલશો તો જવું જ પડશે ને? જઈશું. બીજું શું? પાછી આવું ત્યારે ખરી. સારું, તમારે તો ઘરમાં શાંતિ ને!"

"આવું શું બોલતી હશે?" ખૂબ મૂંઝાઈને ચંદનબહેને સ્વાતિને કહ્યું. એમનો ભોળો ગભરાટિયો

ચહેરો એવો લાગતો હતો કે વેશ કાઢવાના મૂકીને સ્વાતિ હસી પડી. પછી લોટવાળા હાથે એમને વળગી પડી.

"અરે એ... આ શું કરે છે? છોડ, છોડ મને, કહું છું આ સાલ્લો લોટવાળો થશે. બળ્યું, હળદરના ડાઘા નહીં જાય. છોડ ને!"

"તો કહો, નહીં મોકલું. નહીંતર નથી છોડવાની."

"આવી તે વહુ હોતી હશે? છોડ ને સ્વાતિ! સમજતી નથી? એવું ન કરાય, ચાલ છોડ જોઉં!"

"હવે નહીં માનો તો ઊંચકી જ લઈશ. ગોળ ગોળ ફેરવીશ."

ચંદનબહેનના દૂબળાપાતળા દેહને એણે સહેજ અધ્ધર કર્યો પણ ખરો.

"ઓ ગાંડી! નહીં મોકલું બસ મૂકી દે મને! મૂક કહું છું."

પછી આઘાં ખસીને હાંફતાં હાંફતાં બોલવા માંડ્યાં, "તને તે કાંઈ ભાન છે કે નહીં? આવામાં તો કશું જ ન ઊંચકાય, ત્યારે તું આવડી મોટી મને..."

"તે મારે પિયર તમે મને જોવા આવવાનાં હતાં, શું કરું છું ને શું નહીં?"

"ત્યાં તું આવાં ગાંડાં કાઢીશ?"

"એનાથી સવાયાં, ત્યાં મને ના કહેનાર કોણ છે?"

"કેમ, વેવાણ નથી?"

"અંહં! મમ્મીનું કોણ સાંભળે? અને મમ્મી કંઈ તમારી માફક આખો દહાડો મારી પાછળ ફુદરડી ના ફર્યા કરે. એને તો કેટલુંય કામ હોય... પણ હવે આપણે એ બધી વાતો શું કરવા કરીએ છીએ? હવે કાંઈ તમે મને મોકલવાનાં છો?"

ચંદનબહેન વિચારમાં પડી ગયાં. સ્વાતિને ખરેખર નહોતું જવું, પણ લોકોમાં કેવું દેખાય! લોકોનુંય જાણે સમજ્યાં, પણ શારદાબહેનને કેવું ખરાબ લાગે? આવે પ્રસંગે એમની દીકરીને પાસે રાખવાનું એમને પણ મન તો હોય જ ને?

"સાંજે વિચાર કરીને કાગળ લખીશું બસ? જા, હવે સૂઈ જા."

"અને સેવ કોણ કરશે?"

"એ તો હું જ ને, બીજું કોણ? તેં પલાળીને મૂક્યું છે તે મારે પૂરું તો કરવું જ પડશે ને?"

"ચાલો હું તમને તળાવવા લાગું."

"ના ભાઈ ના, તું તારે જઈને સૂઈ જા."

"બા!"

"હવે શું છે?"

"બા! નીલિમા બહુ સારી છે. તમે એને કહી તો નથી દીધું ને કે..."

"શું?"

"હવે જાણો તો છો, કહો ને, કહી દીધું છે?"

"મેં તને નહોતું કહ્યું? તું જુએ એટલી વાર. જો ને આટલા દહાડા બા બા કરતાં જીભ સુકાતી હતી અને કાલે સાંજે કેવી એની સોડમાં ભરાઈને બેઠી!"

તે વખતે કોને ખબર શું થયું હતું તે નીલિમાનો હાથ પકડવાથી જ જાણે આસપાસના વાતાવરણની સત્યતાની પ્રતીતિ થતી હતી. જાણે એ ખસશે તો વળી પાછી પોતે નિરાધાર થઈ જશે. પોતે સ્વાતિ જ છે અને આ ઘર જ પોતાનું સાસરું છે એ વાતની લગીરે વિસ્મૃતિ થાય તે પોસાય તેમ ન હતું, અને એટલે જ નીલિમાની આનંદદાયક અને પ્રબળ હાજરીને પોતે વળગી રહેવા ચાહતી હતી – એ બધું બાને કેવી રીતે સમજાવવું? નકામાં ચિંતા કરે. આમેય એ ભૂલવાલાયક જ હતું. ભૂલી જવાનું; અભય જોડે અને બા જોડે આનંદથી દિવસો વિતાવવાના, જેવા આજ લગી વિતાવ્યા છે. ઘડિયાળમાં ત્રણ વાગ્યાના ટકોરા પડ્યા અને એ ચંચળ થઈ ઊઠી. હજી તો ઘણી વાર છે, પણ આજે એ શું લાવશે? ગઈકાલે પોતે માંદી પડી હતી અને આજે મળ્યા વગર ઑફિસે જવું પડ્યું છે એટલે આજે તો જરૂર કંઈ ને કંઈ સારી વસ્તુ લાવશે. નાની હતી ત્યારે તેને જાતજાતની ડબીઓ સંઘરવાનો શોખ હતો. તે વખતે અભય મળ્યો હોત તો કેવું સારું થાત! કેટલી બધી નવી નવી ડબીઓ મળત! પણ ત્યારે તો એ પોતાનો વર ન હોત ...હોત માત્ર એક છોકરો, કદાચ ભાઈબંધ. નીલિમાનો હતો તેવો જ. ડબીઓ આપે જ તેની ખાતરી નહીં, કદાચ લઈ પણ લે. બિચારી નીલિમાને કાલે કેવું કર્યું? થોડીક પાતળી થઈ છે એવું કહ્યું હોત તો શું બગડી જવાનું હતું?

"અરે, ઘાણ કેટલો લાલ થઈ ગયો? કાઢી લે ઝટપટ, ને થાકી ગઈ હોય, તો ઊઠ, બાકીની હું પૂરી કરી લઈશ. થોડીક જ છે. તું સૂઈ જા. નહીંતર હાથ-મોં ધોઈને તૈયાર થા. હમણાં અભય આવશે."

"આટલા વહેલા?"

"તારી તબિયત સારી નથી ને! કહી ગયો છે." અભયના જેવું કોઈ દુનિયામાં હશે જ નહીં. સાચે જ એ પોતાને ખૂબ ખૂબ ગમે છે. મમ્મીને આજે તાર કરી દેવાનો – સૉરી, કૅનૉટ સેન્ડ સ્વાતિ! બીજું શું વળી? કન્યાદાન તો દઈ દીધું છે. હજી શાની હક કરતી આવે છે?

જલદી ઊઠીને સ્વાતિ તૈયાર થવા માંડી. આજે લહેરિયું પહેરવાનું તેને મન થયું હતું. તેને શોભે એવી ચોળીને ઇસ્ત્રી ન હતી. એ મોટી પંચાત, પણ એમાં શું? એ તો થઈ જાય, હાથે કરી લેવાય. આ હાથે કરવાનો મહામંત્ર તે અહીંયાં આવીને જ શીખી હતી. તોયે બિચારાં ચંદનબહેનને કેવું ખોટું કહીને બનાવ્યાં! એ સાચે જ ચિંતામાં પડી ગયાં હતાં કે સ્વાતિને પિયરમાં ખૂબ કામ કરવું પડતું હશે. ખરેખર તો એવું કશું જ નહોતું, પણ – સ્વાતિથી ન જવાય અભયને મૂકીને. આટલા બધા દહાડા તો એ ક્યાંય ન રહી શકે. એનાથી જીવી જ ન શકાય. આમ ને આમ વિચાર કરતી એ બેધ્યાનપણે ઇસ્ત્રી ફેરવતી હતી. એટલામાં અભયનો અવાજ સંભળાયો, "સ્વાતિ!"

હાથમાંનું કામ પડતું નાખીને તે દોડી. હાંફળીફાંફળી બોલી, "બા તમને ગમે તે પૂછે, તમે ના જ પાડજો. જોજો, ભૂલેચૂકે હા પાડી છે તો હું જીવતી નથી રહેવાની."

"આવું શું બોલે છે! ચાલ, મને માંડીને વાત કર. કાલે સાંજે શું થયું હતું? બધું સાચેસાચું કહી દે જોઉં."

"પણ તમે મને મોકલી નહીં દો ને? એક વાર એ કહો."

"ના, સ્વાતિ ના! હું તને ક્યાંય મોકલી નથી દેવાનો, શેની ખોટી ચિંતા કર્યા કરે છે? ચાલ કહે, કાલ શું થયું હતું?"

"આમ તો કશું નહોતું થયું, પણ જાણે દીવો જોતી જોતી હું ખોવાઈ જ ગઈ. આમ ઊંડે ઊંડે ઊતરતી ગઈ. એવું લાગ્યું, જાણે મારી પાસે કોઈ જ નથી."

"બસ એટલું જ? ચક્કરબક્કર તો નહોતાં આવ્યાં ને!"

"ના."

"તો સારું, પણ તોયે આપણે એક વાર ડૉક્ટર પાસે જઈ આવીએ. મનનો વહેમ નીકળી જાય."

"તમને ચિંતા થાય છે?"

"કેમ, હું શું માણસ નથી? અરે, કાલે તો તને એમ ઢીલી થઈને ખાટલામાં પડેલી જોતાં એવું થઈ ગયું હતું કે – અરે, પણ સ્વાતિ! આ વાસ શેની આવે છે?"

"ઓ મા! મારી ચોળી!" કરતીક'ને સ્વાતિ દોડી, પણ ચોળી પર ખાસો મોટો ડાઘો પડી ગયો હતો. વધારે વાર લાગી હોત તો નીચેનું ટેબલ સુધ્ધાં દાઝત. પછી તેણે નિરાશ થઈને અભય સામે જોવા માંડ્યું.

"કંઈ નહીં, બીજી સીવડાવી લેજે."

"અરે, પણ અત્યારે પહેરું શું?"

"કેમ? તારી પાસે બીજું કંઈ નથી?"

"પણ લહેરિયા સાથે પહેરાય એવી બીજી ચોળી નથી તેનું શું?"

"લહેરિયાને બદલે બીજું કંઈ પહેર."

આ અભયને કેવી રીતે સમજ પડે કે અત્યારે તો તેને લહેરિયું અને બસ લહેરિયું જ પહેરવું હતું? ખરો છે! આજે સ્વાતિને માટે કશું લાવ્યોયે નહીં, પણ તેનો ચહેરો કેટલો બધો ગંભીર અને ચિંતાતુર છે! એનેય માણસે એક ભેટ ન સમજી લેવી જોઈએ?

"ને તું બાને શું કહેવાનું કહેતી હતી?"

"એ જો તમને પૂછે કે સ્વાતિને એની મમ્મીને ત્યાં મોકલી દઈએ તો તમે ના જ કહેજો, હં કે."

"વારુ, પણ એવું શું કરવા કહેવડાવે છે? તારાં મમ્મીને ખરાબ નહીં લાગે?"

"છો લાગતું, પણ મારાથી તમારા વગર આટલા બધા દિવસ કેમ રહેવાય? તમે લોકો કોઈ સમજતાં કેમ નથી?"

"એમ તો મનેય તારા વગર ના ગમે, સ્વાતિ!" અભય તેની બરાબર સામે જોઈને બોલ્યો.

તેના ચહેરા પર કશીક વ્યાકુળતા હતી. સ્વાતિને કંઈક થાય તો પછી આ જીવન વ્યર્થ અને વિફળ બની જાય, જીવતા રહેવાનો પછી કશો અર્થ રહે નહીં. એકદમ ઊઠીને તેને હૃદયસરસી ચાંપી દેવાનું મન થઈ ગયું, પણ જ્યાં બેઠો હતો ત્યાંથી સંયત સ્વરે ફક્ત એટલું જ બોલ્યો, "તું ના જતી, હું તને જવા નહીં દઉં."

"ચોક્કસ?"

"હા, હમણાં જ બાને કહી દઈશ, તારાં મમ્મીને લખી નાખશે, પણ પછી મહેરબાની કરીને માંદી ના પડતી. કાલે મારો તો જાણે જીવ જ ઊડી ગયો હતો."

"ના, હવે કોઈ દિવસ માંદી નહીં પડું." સ્વાતિએ ખૂબ સલૂકાઈથી કહી દીધું. અભયની વાત સાંભળીને જાણે તેને પોતાને એમ થઈ ગયું કે કાલે પોતે હાથે કરીને જ તબિયત બગાડી હતી. હવે કદી એવું નહીં કરું, તેણે વિચાર્યું. એમને આટલી બધી ચિંતા થાય છે એ જાણ્યા પછી મારાથી એવું કરાય જ કેમ?

"અભય!" બહારથી ચંદનબહેનનો અવાજ આવ્યો. "જો ને ભાઈ, વહુને માટે નીલિમાએ ફૂલ મોકલાવ્યાં છે."

"આવ્યો બા!" કહીને અભય બહાર ગયો. તે હમણાં હાથમાં ફૂલ લઈને પાછો આવશે એમ માનીને સ્વાતિ બેસી રહી, પણ વાર લાગી એટલે અધીરાઈથી તે પણ બહાર આવી. નીકળતાંવેંત જાણે આંખ ઠરી ગઈ. જેવી નીલિમા તેવાં તેનાં ફૂલો. ઓછામાં ઓછાં પંદર-વીસ ડઝન હશે. ઊંચી જાતનાં ગુલાબ હતાં. સફેદ, પીળાં, ગુલાબી, કેસરી, લાલ અને ઘેરા મજીઠિયા રંગનાં. એક એક ફૂલ જાણે પસંદ કરીને લેવામાં આવ્યું હતું. જેવો તેનો આકાર તેવી તેની શોભા. તેની જ તેની સુવાસ! આટલાં બધાં ફૂલ! આખરે રાખવાં પણ ક્યાં? એમને માટે જુદી જુદી જાતની ફૂલદાનીઓ જોઈએ. એક આરસની મોટી ફૂલદાનીમાં જો પેલાં ઘેરાં લાલ રંગનાં ફૂલો ગોઠવ્યાં હોય તો કેવું સરસ લાગે!

ઓચિંતું મનમાં થવા લાગ્યું કે એવી જ ફૂલદાની પોતે ક્યાંક જોઈ છે. એમાં આવાં લાલ રંગનાં ફૂલો જ ગોઠવેલાં હતાં. દાસીના હાથમાંથી ફૂલદાની સરી પડી એટલે એના ટુકડેટુકડા થઈ ગયા. આરસની ફરસબંધી પર લાલ ગુલાબની પાંદડીઓ જડતરનાં માણેકની જેમ ચમકી ઊઠી. તેની આંખ આગળ એ ફૂલદાનીના ટુકડા તેમ જ જમીન પર વેરાયેલાં લાલ ફૂલ એટલાં તીવ્ર રીતે આવી ઊભાં કે ઘડીભર ભય લાગ્યો. ગઈ કાલની જેમ ભાન પાછું ધીરે ધીરે ખોવાઈ જશે કે શું?

પણ ના, તે પોસાય એવું નથી. પોતે અભયને વચન આપ્યું છે. ખૂબ બળપૂર્વક આંખ મીંચી દઈને તે બોલી,

"આ આટલાં બધાં ફૂલ શું કરવા મોકલ્યાં હશે?"

"એ તો નીલિમા છે, કાં તો પચીસ ડઝન મોકલે, કાં તો એકેય ન મોકલે. એનો બન્ને જાતનો વ્યવહાર તમારે સહી લેવાનો."